કલેકટર અને
જિલ્લા મેજિસ્ટ્રેટનું કાર્યાલય,
જિલ્લો- તાપી-વ્યારા (ગુજરાત)

સત્યમેવ જયતે

બ્લોકનં.૨, જિલ્લા સેવા સદન,
પાનવાડી, તા.વ્યારા, જિ.તાપી-૩૯૪૬૫૦
ફોન.નં. (૦૨૬૨૬) ૨૨૪૪૬૦,૨૨૪૪૫૦
ફેક્સ નં. (૦૨૬૨૬) ૨૨૧૨૮૧,૨૨૩૩૩૩
Email- collector-tapi@gujarat.gov.in
Email- magbranchtapi@gmail.com

## નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૪ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪, હેઠળનું જાહેરનામું

ક્રમાંક:-એમએજી/જાહેરનામુ/વશી. ૨૫૯૮ થી ૨૬૨૮ /૨૦૨૨
તારીખ:- ૨૦/૦૧/૨૦૨૨

**વંચાણે લીધુ:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, તાપી-વ્યારાના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામુ/૪૫૬/૨૦૨૨ તા.૨૦/૦૧/૨૦૨૨

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક:-એમએજી/જાહેરનામુ/વશી.૧૬૫૫-૧૭૦૩/૨૨ તા.૧૧/૦૧/૨૦૨૨

**જાહેરનામુ:-**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા કોવીડ-૧૯ કોરોના વાઇરસને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે કોવિડ-૧૯ના વાયરસને નિયંત્રિત કરવાના હેતુથી વિવિધ માર્ગદર્શિકાઓ/SOP બહાર પાડેલ છે. જે અનુસંધાને અત્રેથી વખતો વખત જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે. તથા છેલ્લે આમુખ-૨ થી જાહેરનામું બહાર પાડેલ છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૨ના હુકમથી તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન,ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. આમુખ-૧ થી જણાવ્યા મુજબ લગ્નપ્રસંગ તથા સામાજીક અને અન્ય કર્યક્રમોમાં ડી.જે.વગાડી સાંસ્કૃતિક તથા નાચ ગાનના વિવિધ કાર્યક્રમો થતા હોય છે. સદરહું કાર્યક્રમો દરમ્યાન ડી.જે.વગાડવામાં આવે તો ૧૫૦ થી વધુ સંખ્યામાં લોકો એકત્રીત થઇ શકે તેમ છે.તેમજ આવા કાર્યક્રમો દરમ્યાન લોકોની અવર-જવર અને પ્રવેશ પર આયોજકોનું નિયંત્રણ રહેતુ નથી. તેમજ ભુતકાળમાં પણ તાપી જિલ્લાના ગામોમાં લગ્ન પ્રસંગ દરમ્યાન ડી.જે. /બેન્ડ પાર્ટી વગાડવાથી મોટી સંખ્યામાં લોકો એકઠા થયેલાનો બનાવ બનેલ છે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. હાલ કોવીડ-૧૯ની પરિસ્થિતિમા કોવીડની ગાઇડલાઇનનો ભંગ ન થાય તેમજ જિલ્લામાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તથા કાયદો અને પરિસ્થિતિ જળવાય રહે તે માટે તા.૨૦/૦૧/૨૦૨૨ થી

તા.૨૦/૦૨/૨૦૨૨ સુધી જિલ્લામાં આગમચેતીના ભાગરૂપે ડી.જે./બેન્ડ પાર્ટી વગાડવા પર પ્રતિબંધ મુકવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી,તાપીનાઓ દ્વારા દરખાસ્ત કરેલ છે.

જેથી હું એચ.કે.વઢવાણિયા,આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, તાપી-વ્યારા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૪, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪, The Gujarat Epidemic Diseases Covid-19 Regulation 2020ની જોગવાઇઓ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

**(૧) તાપી જિલ્લાની હદ વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૨૨ થી તા.૧૮/૦૨/૨૦૨૨ સુધી ડી.જે. (ડીસ્ક જોકી) /બેન્ડ પાર્ટી વગાડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.**

**અમલવારીનો સમય:-**

આ જાહેરનામું તા.૧૮/૦૨/૨૦૨૨ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**શિક્ષા:-**

આ હુકમનો અનાદર, ઉલ્લંઘન કે ભંગ કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર સામે The Epidemic Diseases Act-1897, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦, તથા ઇ.પી.કો.કલમ-૧૮૮, તથા The Gujarat Epidemic Diseases Covid-19 Regulation 2020 ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે તાપી જિલ્લામાં ફરજ કજવતા નાયબ પોલીસ અધિક્ષકના દરજજા થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓને પોલીસ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોવાથી એક તરફી હુકમ કરવામાં આવે છે કે જાહેર જતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકશ્રીના કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ પ્રસિધ્ધ કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેર કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૨ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જિલ્લા મેજીસ્ટ્રેટ તાપી જિલ્લો District Magistrate Tapi District Vyara વ્યારા

(એચ.કે.વઢવાણિયા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
તાપી-વ્યારા

D:\MAG p.c.gohil 2021\Notification\ડીજે ઉપર પ્રતિબંધ અંગેનં જાહેરનામ 20.1.2021.docx

**નકલ જયભારત સહ રવાના:**

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. જિલ્લા ન્યાયાધીશશ્રી, જિલ્લા ન્યાયાલય, તાપી-વ્યારા તરફ જાણ સારૂ.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાપી-વ્યારા તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:**

૧. પોલીસ અધિક્ષકશ્રી, તાપી-વ્યારા તરફ જાણ તથા જરૂરી અમલીકરણ સારૂ.

૨. પ્રાયોજના વહીવટદારશ્રી, ટી.એસ.પી. કચેરી, સોનગઢ, જિ.તાપી

૩. નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાપી-વ્યારા

**નકલ રવાના:-**

૧. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને નાયબ કલેક્ટરશ્રી-૧, કલેક્ટર કચેરી, તાપી-વ્યારા

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એસ.ડી.એમ. કચેરી, વ્યારા અને નિઝર

૩. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાપી-વ્યારા

૪. જિલ્લા આયોજન અધિકારીશ્રી, તાપી-વ્યારા

૫. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તાપી-વ્યારા

૬. જિલ્લા આંકડા અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તાપી-વ્યારા

૭. કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (સ્ટેટ) , તાપી-વ્યારા

૮. કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (પંચાયત) , તાપી-વ્યારા

૯. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,વ્યારા વિભાગ, વ્યારા

૧૦. સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, તાપી-વ્યારા

૧૧. જિલ્લા સરકારી વકીલશ્રી, તાપી-વ્યારા

૧૨. આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, વ્યારા અને સોનગઢ, જિ.તાપી

૧૩. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, વાલોડ, વ્યારા, સોનગઢ, ઉચ્છલ, નિઝર, ડોલવણ, કુકરમુંડા

૧૪. તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાલોડ, ડોલવણ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા

૧૫. સરકારી શ્રમ અધિકારીશ્રી, ખેતી અને ઉદ્યોગ, તાપી-વ્યારા

૧૬. સહાયક માહિતી નિયામકશ્રી, માહીતી ખાતું, તાપી-વ્યારા
૨/- સ્થાનિક અખબારોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધી આપવા તથા આકાશવાળી તથા દુરદર્શન કેન્દ્રોમાં પ્રસિધ્ધ કરાવવા તથા વર્તમાન પત્રોની કાપલીઓ મોકલી આપવા સારૂ.

૧૭. મદદનીશ સરકારી વકીલશ્રી, તમામ

૧૮. પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ અધિકારીશ્રી, વ્યારા, સોનગઢ, વાલોડ, ઉચ્છલ, નિઝર, ડોલવણ, કુકરમુંડા, કાકરાપાર, ઉકાઇ (પોલીસ અધિક્ષકશ્રીની કચેરી મારફતે)

૧૯. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા વ્યારા અને સોનગઢ

૨૦. સિલેક્ટ ફાઈલ.